# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-05-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છ કલેકટરની બદલી :

ગુજરાત સરકાર દ્વારા આજે વહીવટી તંત્રમાં મોટો ફેરફાર કરવામાં આવતા એક સાથે 72 જેટલા IASની બદલી અનેનવી નિમણૂકનો આદેશ જારી કરવામાં આવ્યો છે.

આ આદેશ અંતર્ગત કચ્છ કલેક્ટર તરીકે કાર્યરત આનંદ પટેલની બદલી ગાંધીનગર ખાતે કરવામાં આવી છે. તેઓ હવે ગાંધીનગરમાં 'કમિશનર ઓફ સ્કૂલ્સ' તરીકે જવાબદારી સંભાળશે, સાથે જ તેમને પીએમ પોષણ યોજનામાં કમિશ્નર અને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદમા ડાયરેકટરનો વધારાનો હવાલો પણ સોંપાયો છે. તેમના સ્થાને હવે 2014ની બેચના જૂનાગઢના કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા કચ્છ કલેકટરનો પદભાર સંભાળશે.

ગાંધીધામ મહાનગરપાલિકાના કમિશનર મનીષ ગુરવાણીની નવસારીના કલેક્ટર તરીકે બદલી કરવામાં આવી છે. તેમના સ્થાને વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના CEO તરીકે ફરજ બજાવતા 2021ના બેચના આઇએએસ બી.ડી. દાવેરાને નિયુક્ત કરાયા છે.

સ્થાનિક સ્વરાજ્યનીચૂંટણીના સમાપન બાદ કરાયેલા આ ફેરફારોમાં અનેક જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર અને વિવિધ સરકારી વિભાગોના ટોચના અધિકારીઓ પણ સામેલ છે.

------------------------------------------------------------------------

## જીલ્લા કલેકટર દ્વારા જમીન ફાળવણી :

કચ્છમાંથી બદલીપૂર્વે કલેક્ટર આનંદ પટેલે જિલ્લાના વિકાસ માટે એકસાથે ૫૬ જમીન ફાળવણીના હુકમો કરી ઐતિહાસિક વિદાય ભેટ આપી છે.એક માસના ટૂંકાગાળામાં ખાસ ઝુંબેશ ચલાવીને કલેક્ટરે ૫૬ જમીન ફાળવણીના હુકમો અને ઇન્ટીમેશન પત્રો મંજૂરકર્યા છે. આ ઝૂબેશ હેઠળ કુલ ૨૬ લાખ૭૨ હજાર ૪૯૮ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી છે.

આ ફાળવણીમાં મુખ્યત્વે ન્યાયતંત્ર પોલીસ અને BSF નીવિવિધ બટાલિયનો, શાળા, કોલેજ, નગરપાલિકાઓ, આયુર્વેદ, પાણી પુરવઠા, GETCO, માર્ગ-મકાન અને ખનીજ વિકાસ નિગમ જેવા મહત્વના સરકારી વિભાગોનો સમાવેશ થાયછે.

---

## બોર્ડની પુરક પરીક્ષા :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-10અને ધોરણ-12ના તમામ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પૂરક પરીક્ષાની જાહેરાત કરવામાં આવી છે. મુખ્ય પરીક્ષામાં નાપાસ થયેલા અથવા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષા આગામી 11થી 18 જૂન 2026 દરમિયાન યોજાશે.

શિક્ષણ વિભાગની યાદી મુજબ, ઈચ્છુક ઉમેદવારો 15 મે સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકશે. આ પરીક્ષામાં વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ સહિત સંસ્કૃત પ્રથમા-મધ્યમાનો પણ સમાવેશ થાય છે. પરિક્ષનો વિગતવાર કાર્યક્રમ બોર્ડની વેબસાઈટ gseb.org પર ઉપલબ્ધ છે.

---

## ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સનું PMની અપીલને સમર્થન :

વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા રાષ્ટ્રહિતમાં કરવામાં આવેલી અપીલને ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જાહેર સમર્થન આપવામાં આવ્યું છે.

ચેમ્બર પ્રમુખ તેજા કાનગડે જણાવ્યું કે, આ અપીલ આત્મનિર્ભરતા અને રાષ્ટ્રપ્રેમનો સંદેશ છે.ચેમ્બરના હોદ્દેદારોએ વેપારી જગતને ઊર્જા બચત, સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન, બિનજરૂરી ખર્ચમાં ઘટાડો અને પર્યાવરણલક્ષી જીવનશૈલી અપનાવવા હાંકલ કરી છે.

---------------------------------------------------------------------------------

## માંડવીમાં ઘઉંના ટેકાના ભાવે ખરીદી :

માંડવીમાં રવિ સિઝન બાદ લાયજા રોડ સ્થિત સરકારી ગોડાઉન ખાતે ટેકાના ભાવે ઘઉંની ખરીદીની કામગીરી શરૂ કરવામાં આવી છે.

ગુજરાત રાજ્ય નિગમ દ્વારા સંચાલિત આ પ્રક્રિયામાં અત્યાર સુધી કુલ 830 ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરાવી છે. વહીવટી તંત્ર દ્વારા વ્યવસ્થા જાળવી રાખવા માટે પ્રતિદિન 15 ખેડૂતોને ક્રમશઃ બોલાવવામાં આવી રહ્યા છે.

---------------------------------------------------------------------------------

## કચ્છમાં નર્સોની નિમણુંક :

રાજ્યની આરોગ્ય સેવાઓને વધુ સુદ્દઢ બનાવવા આરોગ્ય વિભાગ દ્વારા સ્ટાફ નર્સ વર્ગ-3ની 530 નવી જગ્યાઓ ઊભી કરવાની મંજૂરી અપાઈ છે. જિલ્લા અને પેટા જિલ્લા હોસ્પિટલોના આઈ.સી.યુ. યુનિટ્સ માટે આ નિમણૂકો કરવામાં આવશે. જે અંતર્ગત ગાંધીધામ રામબાગ હોસ્પિટલમાં 10,જ્યારે અંજાર અને રાપરમાં 15-15 જગ્યાઓ ભરાશે.

આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક રીતે છ માસમાં પૂર્ણ કરવામાં આવશે, જેમાં અનામતના નિયમો અને બેકલોગને અગ્રિમતા અપાશે. ઉમેદવારો માટે કોમ્પ્યુટર કૌશલ્ય અનિવાર્ય રહેશે. સરકારના આ નિર્ણયથી હોસ્પિટલોમાં સ્ટાફની અછત દૂર થશે, ગરીબ દર્દીઓને સમયસર સારવાર મળશે અને નર્સિંગ ક્ષેત્રના યુવાનો માટે રોજગારીની નવી તકો ઊભી થશે

---------------------------------------------------------------------------------

## મથલ ડેમમાં પાણીનો જથ્થો અનામત રખાશે :

નખત્રાણા તાલુકાનો દ્વિતીય ક્રમનો મધ્યમ સિંચાઈનો મથલ ડેમ ખાલી થવાના આરે છે. ગત ચોમાસે ઓગની ગયેલા આ ડેમમાંથી સિંચાઈ બાદ હવે બચેલો જથ્થો પશુઓ અને જળચર જીવો માટે અનામત રાખવામાં આવ્યો છે.

ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના જણાવ્યા મુજબ, નર્મદા યોજના અંતર્ગત પાઈપલાઈન દ્વારા મથલ ડેમને ભરવાની કામગીરી પૂરજોશમાં ચાલુ છે, જે આગામી એક વર્ષમાં પૂર્ણ થશે.

-----------------------------------------------------------------------------------

## હવામાન :

હવામાન વિભાગના અનુમાન મુજબ, આ વર્ષે અંદમાનમાં ૧૬ મે આસપાસ ચોમાસું બેસવાની શક્યતા છે,જે સામાન્ય કરતાં વહેલું છે. બીજી તરફ, ગુજરાતમાં ગરમ પવનોને કારણે હીટવેવની સ્થિતિ યથાવત્ છે.

હવામાન વિભાગે કચ્છ અને સુરેન્દ્રનગર માટે ઓરેન્જ એલર્ટ, જ્યારે અમદાવાદ, રાજકોટ અને વડોદરા સહિતના જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કર્યું છે. આગામી બે દિવસ તાપમાન ૪૧ થી ૪૫ ડિગ્રી રહેવાની શક્યતા છે. જોકે, ૪૮ કલાક બાદ પવનની દિશા બદલાતા ગરમીમાં ૨ થી ૪ ડિગ્રીનો ઘટાડો થવાની આશા છે.

-----------------------------------------------------------------------------------